Part-5, chapter-4



## પ્રકરણ - (૪)

### લક્ષણવિધાન

નાટ્યશાસ્ત્રનો ૧૩ મો અધ્યાય, 'કાવ્યલક્ષણાદિ વિધાનાધ્યાય' કહેવાય છે. તેમાં કાવ્યરચનાના અંગો-લક્ષણ, અલંકાર, દોષ તથા ગુણના-સ્વરુપ વિશે વિસ્તૃત વિધાન છે. તેમાં સર્વપ્રથમ ભરતમુનિએ છત્રીસ લક્ષણોને, કાવ્યની સહજ સુંદરતાના રુપમાં માન્ય કરી, તેનું સ્વરુપ આપ્યું છે. નાટ્ય તેમજ કાવ્યના એક મહત્વના અંગ રુપે ભરતમુનિએ લક્ષણોનું વિવેચન કર્યું છે કારણ કે 'લક્ષણ' કાવ્યના સર્વાધિક વિધાયક તત્વોમાં સમાવિષ્ટ છે. લક્ષણોને લીધેજ રસાત્મક કાવ્ય, ઇતર કાવ્યોથી જુદુ તરી આવે છે. અભિનવગુપ્તના મતે 'લક્ષણ'ની લોકપ્રચલિત અર્થ સાથે સમાનતા જોવા મળે છે. જેમ કોઇ મહાપુરુષના શરીરમાં અંકિત પદ્મ વિગેરે શુભ ચિહનો, દ્વારા તેના સૌભાગ્યનો સંકેત મળે છે તેમ, લક્ષણો દ્વારા કાવ્યના સહજ સૌંદર્યનો.

### પાઠ-ભિન્નતા

નાટ્યશાસ્ત્રના વિભિન્ન સંસ્કરણોમાં લક્ષણની બે પાઠ-પરંપરા ઉપલબ્ધ છે. કાશી સંસ્કરણમાં લક્ષણ અનુષ્ટુપ્ છન્દમાં વર્ણિત છે. તો કાવ્યમાલા અને ગાયકવાડ સંસ્કરણોમાં ઉપજાતિ વૃત્તમાં. આ બંનેમાં સત્તર જેટલા લક્ષણો સમાન છે, બાકીના ભિન્ન. આચાર્ય અભિનવગુપ્તે ઉપજાતિ વૃત્તમાં પરિગણિત લક્ષણોને પ્રામાણિક માન્યા છે તથા અનુષ્ટુપ છન્દમાં પરિગણિત શેષ લક્ષણોનો ઉપજાતિવૃત્તમાં પરિગણિત લક્ષણોમાં સમાવેશ કર્યો છે. ઉપજાતિવૃત્તની પરંપરા ભટ્ટતોત દ્વારા અભિનવગુપ્તને પ્રાપ્ત થઇ. ધનંજય, કીર્તિધર અને સર્વેશ્વર જેવા આચાર્યોએ ઉપજાતિ વૃત્ત, તો શિંગભૂપાલ અને વિશ્વનાથે અનુષ્ટુપ્ પરંપરાનું અનુસરણ કર્યું. ભોજે બંને પરંપરાઓનો સમન્વય કરી ૬૪ લક્ષણોનો ઉલ્લેખ કર્યો તો સાગરનન્દી તથા વિશ્વનાથે લક્ષણો ઉપરાંત ૩૩ નાટ્ય અલંકારોની કલ્પના કરી. લક્ષણોની પરંપરામાં ભિન્ન પાઠનું પ્રવર્તન નાટ્યાચાર્ય કોહલ દ્વારા આરંભ થયું હોય એવું જણાય છે.

પ્રસ્તુત શોધપ્રબન્ધમાં બંને પાઠ-પરંપરાઓને આવરી લઇ ભરતમુનિ નિરુપિત લક્ષણોનું સ્વરુપ તથા વિભિન્ન આચાર્યો દ્વારા સંસ્કૃત નાટ્યસાહિત્યમાંથી આપવામાં આવેલા ઉદાહરણો પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

લક્ષણનિરૂપણ

( શ્લોક ૧ થી ૪૧ )

'કાવ્યબન્ધાસ્તુ કર્તવ્યા: ષટ્ત્રિશલ્લક્ષણાન્વિતા:' એમ કહી નાટ્ય માટે ઉપયોગી કાવ્યબન્ધોની રચના પ્રક્રિયામાં ૩૬ લક્ષણોને ભરતમુનિએ મહત્વનું સ્થાન આપ્યું છે અને તેમનું સંક્ષિપ્તમાં સ્વરૂપ આ પ્રમાણે નિરૂપ્યું છે.

---

(૧) ભૂષણ

જે કાવ્ય-રચના અનેક અલંકારો તથા ગુણો વડે, આભૂષણથી સજ્જ વ્યક્તિના શરીરની સમાન સુશોભિત હોય તે વિભિન્ન અર્થોના ગુણસૂચક લક્ષણને 'ભૂષણ' કહે છે. અન્ય પાઠમાં તેને 'વિભૂષણ' માનવામાં આવ્યું છે.

યૌગન્ધરાયણની નિમ્નોક્તિ -

'વિશ્રાન્ત વિગ્રહ-કથો રતિમાં જનસ્ય
ચિત્તે વસન્ પ્રિયવસન્તક એવ સાક્ષાત
પર્યુત્સુકો નિજ મહોત્સવ દર્શનાય
વત્સેશ્વર: કુસુમચાપ ઇવાભ્યુપૈતિ ''

રત્નાવલી અંક -૧ શ્લોક-૮

(૨) અક્ષરસંઘાત

જ્યાં થોડા શ્લિષ્ટ અક્ષરો વડે વિચિત્ર અર્થની અભિવ્યક્તિ થાય તેને અક્ષર સંઘાત નામનું લક્ષણ જાણવું જોઇએ. અક્ષરસંઘાતનું લક્ષણ બંને પાઠોમાં ગૃહીત છે.

'અભિજ્ઞાન શાકુંતલ'ના સાતમાં અંકમાં 'શકુંતલાવણ્યં પશ્ય'માં શકુંતલા પદ વડે શકુન્તના લાવણ્ય તથા શકુંતલાને સુચિત કરવામાં આવો છે.

(૩) શોભા

જો નવીન તથા મનોહર અર્થની અસિધ્ધ અથવા અજ્ઞાત વિષયને સિધ્ધ અથવા જ્ઞાત રૂપમાં ઉદ્ધૃત કરી, શ્લેષ ધ્વારા અભિવ્યક્ત થાય તેને શોભા કહે છે. શોભાનું લક્ષણ બંને પાઠમાં સમાન છે.

યૌગન્ધરાયણની નિમ્નોક્તિ -

''પ્રારબ્ધેઽસ્મિન્ સ્વામિનો વૃધ્ધિ હેતૌ
દૈવેનેત્થં દત્તહસ્તાવલમ્બે ।
સિધ્ધે ભ્રાન્તિર્નાસ્તિ સત્યં તથાપિ
સ્વેચ્છાચારી ભીત એવાસ્મિ ભર્તુ:

રત્નાવલી અંક ૧ શ્લોક-૭

**(૪) ઉદાહરણ**

જ્યારે સમાનાર્થક વાકયો દ્વારા કોઇ અર્થને પ્રકટ કરી નિપુણજન પોતાનું પ્રયોજન સાધે તેને ઉદાહરણ કહે છે. અન્ય પાઠમાં ઉદાહરણનું લક્ષણ છે પણ ભિન્ન છે - જ્યારે કોઇ એક શબ્દનું ઉચ્ચારણ થતાં જ અનેક અકથિત અથવા અસંકેતિક અર્થો પણ સુચિત થાય તેને ઉદાહરણ કહે છે.

(૧) 'દેવીચન્દ્ર ગુપ્ત' નાટકમાંથી -

એસો સિઅકર-વિત્થર પણાસિઆસે સર્વ રિતિમિરોહો ।
સિઅવિહવરોસચદો ગઅણગિહે લઘિઉં વિસઇ ॥
એષ: શીતકર વિસ્તર પ્રણાશિતાશેષવૈરિતિ મિરોઘ: ।
નિજવિભવવસ્થ્ચન્દ્રો ગગનગૃહ લડ્ઘિતું વિશતિ ॥

(૨)

વલ્મોકાત્ કિમુતોદ્ધતો ગિરિચ્યં કસ્ય સ્પૃશેદાશયં
ત્રૈલોકયં તપસા જિતં યદિ સખે દોષ્ણા કિમેતાવતા ।
સર્વં સાધ્ધધવા ગુણન્સિ વિરહક્ષામસ્થ રાક્ષસ્ય ચેત
ત્વદ્દન્તાંકિતવાલિ-કક્ષરુધિર કિલન્નાગપુર્ખ શરમ ॥

**(૫) હેતુ**

જ્યારે સંક્ષિપ્ત અને હૃદયગ્રાહી વાકયાવલી દ્વારા તેનો દક્ષતાપુર્વક પ્રયોગ થવાને લીધે, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઇ જાય તેને હેતું કહે છે.

યૌગન્ધરાયણની નિમ્નોકિત -

આસૃષ્ટે પ્રતિપાર્થિવ યુવતયો જાતા: મનોવલ્લભા:
મગ્નાસ્તે વ્યસનાર્ણવે ચ બહવસ્તાભિ: સહૈવેશ્વરા: ।
દેવ્યા યત્તુ કૃતં તદાવિકલતા મૃત્યુંજય લોકોત્તરં
તસ્યૈષા કૃપણોચિતેન વિધિના કિં ગ્લાનિરુત્પથતે ॥

- તાપસવત્સરાજ અંક-૬

અન્ય પાઠ પ્રમાણે, અનેક વ્યકિતઓના કથનને સાંભળી, કોઇ એક અસાધારણ અર્થનો પ્રમાણ-પુરસ્સર વચનને આધારે નિશ્ચય કરવો હેતું કહેવાય છે.

એકે વારિનિધિ પ્રવેશમપરે લોકાન્તરાલોકનં
કેચિત પાવકયોગિતં નિજગદુ: ક્ષીણેકહ્નિ ચન્દ્રાર્ચિષામ્
મિથ્યા રવૈતદસાક્ષિકં પ્રિયસખિ પ્રત્યક્ષતીવ્રાતપો
મન્યેકહં પુનરધ્વનીન-રમણી ચેતોકધિરોતે રવિ: ॥

- ભટ્ટેન્દુ રાજ

**(૬) સંશય**

વિચારોની અધિકતા રહેવાને લીધે, સંપુર્ણ આશયનું જ્ઞાન કરાવ્યા વિના વાકય સમાપ્ત થઇ જાય તેને 'સંશય' કહે છે. સંશયનું લક્ષણ બંને પાઠમા સમાન છે.

લવ-કુશની નિમ્નોકિત -

સીતાં જિર્જનસમ્પાતે ચણ્ડશ્વાપદસંકુલ ।
પરિત્યજ્ય મહારણ્યે લક્ષ્મણોકપિ ન્યવર્તત ॥
તત: પ્રાણે: પરિત્યકતા નિરાશા જનકાત્મજા ।
અપ્રિયાખ્યાન ભીતેન કવિના સંહૃતા કથા ॥
કિમતિ કલ્યાણભાવેદયતિ । એવં તાવદનુવર્ત્યે ।

- કુન્દમાલા અંક - ૬

| | | |
|---|---|---|
| (૭) દૃષ્ટાંત | હેતુ તથા ઉદાહરણ આપતાં જેમાં કોઇ વિષય અથવા વસ્તુનું મનોરંજક રુપમાં પક્ષ-સમર્થન કરવામાં આવે તે વચનાવલીને દૃષ્ટાંત કહે છે.<br><br>અન્ય પાઠ પ્રમાણે જ્યારે કોઇ વિધ્વાન વ્યક્તિ ,કોઇ પદાર્થની સમતા, પોતાની પૂર્વ ઉપલબ્ધ વસ્તુની સાથે તુલના કરતાં સ્થાપિત કરાવે કે બતાવે તેને લક્ષણ કહે છે. | 'ધૂર્તવિટ'માં સ્ત્રીષુ પ્રસંગો ન કર્તવ્ય: આ વિષયમાં ભાવનો શો મત એમ પુછવામાં આવતાં વિટભો: ઉપદેશમાત્ર ખલ્વેતત ।<br>તમહં ન પશ્યામિ ય: સ્ત્રીષુ પ્રસંગ ન ગચ્છતે શ્રુયતે હિ મહેન્દ્રાયોડપ્યહલ્યાસુ વિકૃતિમાપન્ના ''<br>ઇત્યાદિ કથન.<br>હા હાલાહલ લેહને હસમતિ: સોંડયં સમુત્કંઠિતો ગાઢાગરગરિમ્ણિ ચૈષ જડધી દૈહં નિવિશેતસિ ગ્રામ્યોડપ્યાજગરો ગુરું ગલગુહા મોહાદયં ધાવતિ વ્યાધૂયેતરસંગતાનિ યદયં સાર્ધં ખલૈ: ખેલતિ ॥<br>- અભિનવ ગુપ્તપાદ |
| (૮) પ્રાપ્તિ | જ્યારે કોઇ (સુચનાઓ ધ્વારા કે) ચેષ્ટાઓ જોઇ, કોઇ ભાવનું અનુમાન કરવામાં આવે તો તેને પ્રાપ્તિ નામનું નાટકમાં મળતું (નાટકાશ્રયમ્) લક્ષણ સમજવું જોઇએ. 'પ્રાપ્તિ'નું લક્ષણ બંને પાઠમાં પ્રાય: સમાન છે. | અભ્યુન્નતા પુરસ્તાદવ ગાઢા જઘનગૌરવાત્ પશ્ચાત ।<br>ધ્વારેસ્ય પાણ્ડુસિકતે પદપંક્તિ દૃશ્યતે અભિનવા ॥<br>- અભિજ્ઞાન શાકુંતલ અંક-૩ શ્લોક - ૫ |
| (૯) અભિપ્રાય | જે વિચાર મનોગ્રાહી સ્વરુપવાળો હોય તથા જેની કોઇએ કયારેય કલ્પના પણ ન કરી હોય તેને જ્યારે બે વિષયોની સમાનતાના આધારે પ્રસ્તુત કે નિર્મિત કરવામાં આવે તો તેને 'અભિપ્રાય' સમજવું જોઇએ. અન્ય પાઠમાં અભિપ્રાયના સ્થાને 'યુક્તિ' લક્ષણ પ્રાપ્ત થાય છે. | દુસ્મુદાર્ણે રિપૌ વેષમકિંચિત<br>કરે ચ વિજિગીષૌ<br>ભજતા તુ નયગુણશતે:<br>સોડયમુત્ર: પટ: ક્રિયતે ॥<br>- તાપસવત્સરાજ અંક ૪ |

**યુક્તિ :** જે વિચારની સમાનતા તથા પરસ્પર અનુકુળતાના આધાર ઉપર ઉત્કૃષ્ટતાની સાથે પ્રતિપ્રાદિત યા સિદ્ધ કરવામાં આવે તો એવું કથન યુક્તિ કહેવાય છે.

લાવણ્યસિન્ધુરપરૈવ હિ કેયમત્ર યત્રોત્પલાનિ
શશિના સહ સંપ્લવન્તે ।
ઉન્મજ્જતિ દ્વિરદકુમ્ભતટી ચ યત્ર યત્રાપરે
કદલકાણ્ડ મૃણાલદણ્ડા: ॥

**(૧૦) નિદર્શન** જેમાં પહેલાં કહેવામાં આવેલી કોઇ ભૂલ અથવા વિપરીત દૃષ્ટિ દૂર કરવા માટે પ્રસિદ્ધ વાતોનો સમર્થન-સ્વરુપ પ્રયોગ કરવામાં આવે તો તેને નિદર્શન કહે છે.

નિદર્શનના સ્થાને અન્ય પાઠમાં આશીઃ પ્રાપ્ત થાય છે.

શાન્તિ યાતિ શનૈર્મહૌષધિવશાદાશીવિષાનાં વિષં
શક્યો મોચયિતું મદોત્કટકટાદાત્મા ગજેન્દ્રાદ્વિને ।
ગ્રાહસ્યાપિ મુખાન્મહાર્ણવજલે મોક્ષઃ કદાચિદ્ ભવેદ
વેશસ્ત્રીવક્વા મુખાન લગતો નૈવાત્થિતો દૃશ્યતે ॥
- ઉભયભિસારિકા

**આશી :** જ્યારે કોઇ નીતિ અથવા શાસ્ત્ર અનુસાર, મનોનુકુળ ભાવનાથી ઉદ્ભૂત, વિના કોઇ પ્રાર્થના કર્યે, જે આશીર્વાદ આપવામાં આવે છે તેને 'આશી' કહે છે.

પાદાગ્રસ્થિતયા મુહુઃ સ્તનભરેણાનીતયા નમ્રતાં
શમ્ભોઃ સસ્પૃહલોચનત્રયપથં યાન્ત્યા તદારાધને
હ્રીમત્ય શિર સોહિતઃ સપુલકસ્વેદોદ્ગમોત્કમ્પયા
વિશ્લિષ્યન્કુ સુમાંજલિર્ગિરિજયા ક્ષિપ્તોઽન્તરે યાતુવઃ ॥
-રત્નાવલી અંક ૧-૧

**(૧૧) નિરુક્ત** પાછલી અદૃષ્ટ (નિરવધ)વાતને પુષ્ટ કરવા માટે તેના સમર્થનમાં પ્રયુક્ત કરવામાં આવતી વાક્યાવલી તે નિરુક્ત. અન્ય પાઠ પ્રમાણે તેના બે પ્રભેદો છે. (૧) તથ્ય તથા (૨) અતથ્ય.

વીરોત્સવે સંગરસીન મુઠં યઃ
પ્રાયયત્ સત્યપથં કથંચિત ।
સ ચાર્જુનઃ સોઽપિ ચ નામ કૃષ્ણઃ
પ્રસિદ્ધિરિત્થં વિતથૈવ સર્વા ॥
- અભિનવગુપ્ત પાદ.

(૧૨)
**સિધ્ધિ**

જેમાં પોતાના ઇષ્ટ વિષયને પૂર્ણ બનાવવા માટે કે પ્રાપ્ત કરવા માટે અનેક પ્રસિધ્ધ વ્યક્તિઓના નામ લેવામાં આવે તો તેને સિધ્ધ કહે છે. અન્ય પાઠમાં 'સિધ્ધિ' લક્ષણ મળે છે પણ સ્વરુપ થોડું જુદું છે.

મંત્રગુપ્તની નિમ્નોકિત :

સંગતિસ્થિર મચિન્તિતપૂર્વા
નિર્વૃતપ્રણયિની મિથુનાનામ્
સાધિરાજ્ય મધિરોહતિ તસ્યાઃ
ષોડશીમપિ કલાંન મધોનઃ ॥
- કૌમુદીમહોત્સવ અંક (૪)

(૧૩)
**વિશેષણ**

જ્યારે અનેક પ્રસિધ્ધ તથા મોટા વિષયો કહ્યા પછી તેની વિશેષતા બતાવતાં કોઇ વાત કહેવામાં આવે તેને વિશેષણ કહે છે. અન્ય પાઠમાં વિશેષણની જગ્યાએ ક્ષમા લક્ષણ મળે છે.

વૃત્તિર્મૂલફલાદિભિઃ ક્ષિતિતલે શય્યા જટા ધારણં
વાસો વલ્કલમીદૃશં કુલમિદં સામાન્યમન્યૈરપિ ॥
સંવેગાભિભવે વિગૂઢમનસા યન્નાનુ યાતા પ્રિયા
તન્મિથ્યા પ રિબોધિતેન નકૃતં સ્નેહાનુરુપ મયા ॥
- તાપસવત્સરાજ અંક ૩

**ક્ષમા**

જ્યારે દુષ્ટ પુરુષો ધ્વારા સજ્જનો સમક્ષ સભામાં, અભિહિત ઉત્તેજક તેમજ ક્રોધ ઉત્પન્ન વચનોથી અભિભુત થવાં છતાં પણ, જે વ્યક્તિ શાન્ત તેમજ ક્રોધહીન દશામાં સ્થિત રહે તો તેવા ગુણને ક્ષમા કહે છે.

શ્રોત્રાય દુષ્ટવચનં પ્રતિ કિં ન કોપઃ
ક્ષોભં કરોતિ હૃદયે નનુ કોપ એવ
મિત્ર મયૈષ તુ નિજાત્મનિ યોડપકારઃ
કૃત્વા ક્ષમાશુભકલંક-વિઘાતહેતુંઃ
- અભિનવગુપ્ત પાદ.

(૧૪)
**ગુણાતિપાત**

જ્યારે કોઇના ગુણનું મધુર પદાવલીમાં વર્ણન કરતાં કઠોર અર્થને પ્રગટ કરતાં વિપરીત આશયમાં પ્રવત્ત થવામાં આવે તો તેને ગુણાતિપાત કહે છે. અન્ય પાઠમાં 'ગુણાનુવાદ' નામ મળે છે. જેનું લક્ષણ ભિન્ન છે.

જાત્યન્ધાઃ સુરતેષુ દીનવદનામન્તર્મુખાભાષિણીં
દૃષ્ટસ્યાપિ જનસ્ય શોકજનનીં લજ્જાપટેના વૃતામ્ ।
નિર્વ્યાજં સ્વયમપ્યદૃષ્ટ જઘનાં સ્ત્રીબધ્ધાપણું
કર્તવ્યં ખલુ નૈવ ભોઃ કુલવધુકારાં પ્રવેષ્ટું મનઃ ॥
- ધૂર્તવિટ'માં વિટનું કથન

**ગુણાનુવાદ**

જ્યારે કોઇ હીન વિષયની ઉત્તમ વિષય સાથે તુલના કરવામાં આવે તો આવા કથનવાળા લક્ષણને ગુણાનુવાદ કહે છે.

'પાલિતા ધૌરવેન્દ્રેણ ત્વયા રાજન્
વસુન્ધરા' - મનુષ્ય રાજાની ઇન્દ્ર દેવતા સાથે તુલના.

**(૧૫) અતિશય**

જ્યારે સામાન્ય મનુષ્યોમાં જોવા મળતાં અનેક ગુણોના વખાણ કર્યા પછી કેટલોક ગુણગત વિશેષતાઓ પણ બતાવવામાં આવે તો તેને અતિશય કહે છે.

અન્ય પાઠ પ્રમાણે જ્યારે કોઇ ઉત્તમ પદાર્થથી તુલના કરવી છતાં કોઇનું અધિક વૈશિષ્ટ પ્રતીત થવા લાગે તો આવા લક્ષણને 'અતિશય' કહે છે.

-ભીમ પરત્વે ધૃતરાષ્ટ્રની નિમ્નોકિત:

એતત્તે હૃદયં સ્પૃશામિ યદિ વા સાક્ષી તવૈવાત્મજ:
સમ્પ્રત્યેવ તુ ગોગ્રહે યદભવત્તત્તાવદાકર્ણતામ્ ।
એક:પૂર્વં મુદાયુધૈ: સ બહુભિર્દૃષ્ટસ્તોઽનન્તરં
યાવન્તો વયમાહવપ્રણાયન સ્તાવન્ત એવાર્જુના:
યાચન્ત્યેવ પદાન્ય લોકપિશુનૈરાલોજનૈ: શિક્ષિતા
તાવન્ત્યેવ કૃતાગસો દ્રુતતરં વ્યાહત્ય પત્યુ:પુર: ।
પ્રાબ્ધ પરતો યથા મનસિજસ્યેચ્છા તથા વર્તિતું
પ્રેમ્ણો મૌગ્ધ્યવિભૂષિતસ્ય સહજ: કોઽપ્યેષ કાન્ત:ક્રમ:
- ભટ્ટેન્દુરાજ

**(૧૬) તુલ્યતર્ક**

કોઇ પરોક્ષ અર્થને ઉપમા કે રૂપક દ્વારા અર્થગત સમાનતા દર્શાવતા પ્રત્યક્ષત: અભિહિત કરવામાં આવે તો તેને તુલ્યતર્ક કાવ્યલક્ષણ કહે છે. અન્ય પાઠમાં 'તુલ્યતર્ક'ના સ્થાને 'આક્રન્દ' મળે છે.

નવાર્ક ભાપલ્લ વિતામલોદરે
સુગન્ધિરેણુત્કર કેસરોજ્જ્વલે ।
રસામૃતજ્ઞો ભ્રમર: સરોરુહે
કિ મર્ક પુષ્પે પ્રણયં કરિષ્યતિ ॥
-વત્સરાજ - ચરિત અંક ૮

**આક્રન્દ**

અન્ય પુરુષની સન્મુખ જ્યારે સાદૃશ્ય અથવા સમાનતા દર્શાવનારી યુકિતઓ વડે પોતાને અભીષ્ટ અભિપ્રાયને પ્રમુખત: સ્પષ્ટ કથન દ્વારા સ્વભાવાભિવ્યક્તિકરણ કરતાં રાખવામાં આવે તો તેને આક્રન્દ કહે છે.

કિં પાન્થ ત્વરસે વિલોકય નિશાયા ઉદ્યન્મુખી પાણ્ડુરા
ચન્દ્રં ચુમ્બિતુ બીહતે પ્રકટયન્ત્યગ્રે સરાગાં સ્થિતિમ્ ।
યદ્વા નાગર-ભોગદુર્લલિતકૈર્યં સ્તાપિન જ્ઞાયતે
ગ્રામેકગ્રામ્યજનોપભોગસુભગં નિર્વ્યાજરમ્ય સુખમ્
- અભિનવગુપ્ત પાદ

(૧૭)
**પદોચ્ચય**

જ્યારે અનેક શબ્દોનો પ્રયોગ તેના જેવાજ બીજા શબ્દોની સાથે મેળવી - તે અર્થને દર્શાવવા માટે કરવામાં આવે તો તેને પદોચ્ચય કહે છે.

અન્ય પાઠ પ્રમાણે એકજ પદાર્થને નિદર્શિત કરનારા અનેક શબ્દ અથવા વચનો દ્વારા જ્યારે કોઇ વસ્તુની પ્રશંસા કરવામાં આવે તો અનેક અર્થો અથવા વચનો દ્વારા ઇષ્ટ વસ્તુને સ્વરુપ પ્રદાન કરનારા આવા લક્ષણને 'પદોચ્ચય' કહે છે.

ખંગો રક્ષાન્ધકારે રવિ રરિતિમિરે કાર્યભારેષુ ધુર્યઃ
દીપો મન્ત્રાન્ધકારે સુરગુરુરનયે સંક્રમો વ્યાપદોઘે
ઉત્કણ્ઠાયાં સભાગો ગતિરનવસરે ચન્દનં શોકતાપે
સંક્ષેપાન્માનુષાભો હિતશિવ-સુખદો ભવ્યચિન્તામણિર્મે ॥
- વત્સરાજચરિત - અંક-૬

અસારં સંસારં પરિમુષિતરત્નં ત્રિભુવનં
નિરાલોકં લોકં જનનયન નિર્માણિમફલમ્ ।
અદર્પં કન્દર્પં મરણશરણં બાન્ધવજનં
જગજ્જીર્ણારણ્યં કથમસિ વિધાતું વ્યવસિતઃ ॥
-માલતી માધવ

(૧૮)
**દિષ્ટ**

જ્યારે કોઇ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વિષયનું દેશ, કાળ, તથા સ્વરુપ અનુસાર યોગ્ય વર્ણન કરવામાં આવે તો તેને દિષ્ટ કહે છે. અન્ય પાઠમાં તેના સ્થાને 'સારુપ્ય' લક્ષણ આવે છે.

વામં સન્ધિસ્તિમિતવલયં ન્યસ્ય હસ્તં નિતમ્બે
કૃત્વા શ્યામા વિટપસદૃશં સ્રસ્તમુક્તં દ્વિતીયમ્
પાદાંગુષ્ઠાલુલિતકુસુમે કુટ્ટિમે પાતિતાક્ષં
નૃત્તાદસ્યાઃ સ્થિતમતિતરાં કાન્ત મૃજ્વાયતાક્ષમ્ ॥
- માલવિકાગ્નિમિત્ર

**સારુપ્ય**

કોઇ તથ્યને ન જાણતાં જો અનુકરણ અનુસાર આધાર લઇ લક્ષણની આલોચના કરતાં સપ્રમાણ વસ્તુની સ્થાપના કરવામાં આવે તો તેને સારુપ્ય કહેવામાં આવે છે.

સૈન્દૂરીકૃત સાન્દ્રકુંકુમરસ પ્રચ્છાયમાલોક્યતે
યત્ પ્રાચ્યાં દિશિ વિસ્મયાસ્પદમિદં દૃગ્બન્ધવ લેહ્યમહઃ
તત્તેજો જરઠાંશુના કલયતા ભાવિપ્રવાસાવધિં
સન્ધ્યામુગ્ધવધૂકપોલફલકે કીર્ણો નખાગ્રાંકુર ॥
- અભિનવગુપ્તપાદ

| | | |
|---|---|---|
| (૧૯)<br>ઉપદિષ્ટ | જ્યારે કોઈ વિષયને શાસ્ત્રનો આધાર લઈ કહેવામાં આવે તથા જેનાથી વિદ્વાન સંતુષ્ટ થાય તેને ઉપદિષ્ટ કહે છે. અન્ય પાઠમાં ઉપદિષ્ટના સ્થાને ઉપપત્તિ પ્રાપ્ત થાય છે. | ધર્મ: પ્રાગેવ ચિન્ત્ય: સચિવમતિ ગતિ:પ્રેક્ષિતવ્યા સ્વબુદ્ધયા<br>પ્રચ્છાદ્યૌ રાગદોષૌ મૃદુપુરુષગુણૌ કાલયોગેન કાર્યૌ<br>જ્ઞેયં લોકાનુવૃત્તં પરચરનયને મંડલં પ્રેક્ષિતવ્યં<br>રક્ષ્યો યત્નાદિહાત્મા રણશિરસિ પુન: કોઽપિ નાવેક્ષિતવ્ય:-॥<br>- આવિમારક પ્રથમ અંક |
| ઉપપત્તિ | અસત્ અથવા અવાસ્તવિક દોષોની ઉપસ્થિતિ હોય ત્યારે તેનું ઉચિતપણે જ્યારે ઉપપત્તિપૂર્વક નિરાકરણ કરવામાં આવે તો એવું કથન ઉપપત્તિ કહેવાય છે. જેનો પ્રયોગ નાટકમાં થાય છે. (નાટકાશ્રયમ્) | કવાકાર્યં શશલક્ષ્મણ ક્વ ચ કુલં ભૂયોઽપિ દૃશ્યેત સા ।<br>દોષાણાં પ્રશમાયન: શ્રુતમહો કોપેઽપિ કાન્તં મુખમ્ ।<br>કિં વક્ષ્યન્ત્યપકલ્મષા: કૃતધિય: સ્વપ્નેઽપિ સા દુર્લભા<br>ચેત: સ્વાસ્થ્યમુપૈહિ ક: ખલુ યુવા ધન્યોઽધરં ધાસ્યતિ<br>- વિક્રમોર્વશીયમ્ |
| ૨૦)<br>વિચાર | જેમાં પહેલાં કહેવામાં આવેલી વાતો જેવા આશયવાળા પરોક્ષાર્થના સાધક અનેક પ્રકારના ઉપાયોને દોષપૂર્ણ રૂપે પ્રકટ કરવામાં આવે તેને વિચાર કહે છે. અન્ય પાદમાં વિચારના સ્થાને પ્રશ્નાલાપ મળે છે. | સાધ્યે નિશ્ચિતમન્વયેન ઘટિતં બિભ્રત્સપક્ષે સ્થિતિં<br>વ્યાવૃત્તંચ વિપક્ષતો ભવતિ યત્તત્સાધનં સિદ્ધયે ।<br>યત્સાધ્યં સ્વયમેવ તુલ્યમુભયો: પક્ષે વિરુદ્ધંચ યત્<br>તસ્યાંગીકરણેન વાદિન ઈવ સ્યાત્ સ્વામિનો નિગ્રહ:<br>- મુદ્રારાક્ષસ અંક ૫ |
| (૨૧)<br>વિપર્યય | જ્યારે કોઈ વાત જોઈને કે કહીને પછી એજ વિચારનો સંદેહના કારણે પરિત્યાગ અથવા વિપરીત સ્વરુપ થઈ જાય તો તેને વિપર્યય કહે છે. વિપર્યયના સ્થાને અન્ય પાઠમાં 'મિથ્યાધ્યવસાય' લક્ષણ મળે છે. | રાવણ પ્રતિ સચિવની નિમ્નોક્તિ:<br>ઉદર્કસિદ્ધિમિચ્છદ્ભિ: સદ્ભિર્ન ખલુ દૃશ્યતે ।<br>ચતુર્થી ચન્દ્રલેખેવ પરસ્ત્રી કાલપટ્ટિકા ॥<br>સચિવ પ્રતિ રાવણની નિમ્નોક્તિ:<br>પરસ્ત્રીકુચકુમ્ભેષુ કુમ્ભેષુ વરદન્તિનામ્ ।<br>નિપતન્તિ ન ભીરુણાં દૃષ્ટય: શરવૃષ્ટય: ॥ |

**મિથ્યાધ્યવસાય:** જ્યાં કોઇ અતથ્યભુત કે અનૃત અર્થો ધ્વારા તેના જેવાજ અસત વસ્તુનું વક્રનૃત્યપૂર્ણ પદાવલીમાં નિર્ધારણ કે વિનિશ્ચય કરવામાં આવે તો તેને મિથ્યાધ્યવસાય નામનું કાવ્યલક્ષણ કહે છે.

યો દુર્જનાધ્વાંછિતસિધ્ધિમોહતે
સ નૂનમુત્કાપતિ તં સુખેધિનમ્ ।
જુહવ જજ્વલાગ્ના વિગતાર્થમણ્ડલં
પ્રસહ્ય ષણ્ઢં વિષયં પ્રસાધયેતે ॥
- અભિનવગુપ્તપાદ.

(૨૨)
**ભ્રંશ**

જ્યારે અહંકારને (ગભરામણ કે ઉતાવળને) કારણે કોઇ વ્યક્તિ ધ્વારા વાચ્યાર્થ છોડી કોઇ અન્ય વાતજ મુખથી સરી પડે તો તેને 'ભ્રંશ' કહે છે. અન્ય પાઠમાં તેના સ્થાને 'પ્રિયવચન' કે પ્રિયોક્તિ લક્ષણ મળે છે.

દુર્યોધનની નિન્દોક્તિ

સહભૃત્યગણં સબાન્ધવં સહમિત્રં સસુતં સહાનુજમ્
સ્વબલેન નિહન્તિ સંયુગે ન ચિરાત્ પાણ્ડુસુત સુયોધનમ્
- વેણીસંહાર અંક-૨

**પ્રિયવચન**

જો આરંભમાં કહેલ તથા અંતમાં હર્ષ ઉત્પન્ન કરતાં કોઇ આર્શીર્વાદની સુચના આપે તો તેને પ્રિયવચન કહે છે.

કિં વૃત્તાન્તૈ: પર ગૃહગતૈ: કિન્તુ નાહં સમર્થ:
તૂષ્ણીં સ્થાતું પ્રકૃતિમુખરો દાક્ષિણાત્યસ્વભાવ: ।
ગેહે ગેહે વિપણિષુ તથા ચત્વરે પાનગોષ્ઠયાં
ઉન્મત્તેવ ભ્રમતિ ભવતો વલ્લભા હન્ત કીર્તિ ।

(૨૩)
**અનુનય**

જે શબ્દાવલી બે પ્રતિપક્ષી વ્યક્તિઓની પ્રીતિ સંપાદિત કરી પોતાની ઇષ્ટ સિધ્ધિને પ્રાપ્ત કરે તેને અનુનય કહે છે. અનુનયના સ્થાને અન્ય પાઠમાં 'અનુવૃત્તિ' લક્ષણ પ્રાપ્ત થાય છે.

રાવણ :

આ: પ્રતિ પક્ષપાતિન્, ક્ષુદ્ર, રાક્ષસાપસદ ।
કિં બહુનાતવૈવ રુધિરામ્બુભિ: ક્ષતકઠોરકણ્ઠ સ્રુતૈ: ।
રિપુસ્તુલિભવો મમ પ્રશમમેતુ કોપાનલ: ।
સુરક્ષિપશિરસ્થલી દલન-દૃષ્ટમુક્તાફલ :સ્વસુ:
પરિભવોચિતં પુનરસૌ વિધાસ્યત્યસિ: ॥
(રામાભ્યુદય અંક-૨ )

| | | |
|---|---|---|
| અનુવૃત્તિ | જ્યારે કોઇ વ્યક્તિના કથનનું સૌજન્યવશ, પ્રેમ અથવા પક્ષપાતને કારણે અનુસરણ અથવા સમર્થન કરવામાં આવે તો તેને અનુવૃત્તિ કહે છે. | રાજ્ઞા યૂયમનુરુધ્ધ્યતે યદિ ભવેત્સાસ્ય પુરા માદૃશાં<br>તત્ સંકન્દનગોપ કિંચન મનાક્ પૃચ્છત્યધીરો જન: ।<br>અગ્રે રોહણચારિણાં સરભસં સંચૂર્ય માણસ્થિરં<br>કમ્પ્રત્યાયયિતું પ્રયાસરસિકો યત્નેન રત્નાયતે ॥<br>- ભટ્ટેન્દુરાજ |
| (૨૪)<br>માલા | જ્યારે પોતાના પ્રયોજનની સિધ્ધિ માટે વિદ્વાનો ધ્વારા અનેક આવશ્યકતાઓની પૂર્તિનો ઉપાય આપવામાં આવે તો તેને માલા કહે છે. માલાના સ્થાને અન્ય પાઠમાં નિર્ભાસન લક્ષણ મળે છે. | દૃષ્ટા યૂયં નિર્જિતા વિઘ્નપન્ત :<br>પ્રાપ્તા દેવી ભૂત-ધાત્રી ચ ભૂય: ।<br>સમ્બન્ધોઽ ભૂદ્દર્શકેનાપિ સાર્ધં કિં<br>દુષ્પ્રાપં યન્ન લબ્ધં ભવદભય: ॥<br>- તાપસવત્સરાજ. |
| નિર્ભાસન | જે કથન અનેક યુક્તિઓથી યુક્ત, અનેક વાક્યોથી બનેલું તેમજ ઉદ્દેશ્ય કે પ્રયોજનનું સાધક હોય તેને નિર્ભાસન કહે છે. | 'કર્તા દ્યૂતચ્છલાનાં જતુમયશરણોદ્દીપન:<br>સોઽભિમાની'' - વેણીસંહાર અંક ૫/૨૬ |
| (૨૫)<br>દાક્ષિણ્ય | જ્યારે સુખપૂર્વક પ્રસન્ન મુખ મોઢા વેણ અને અનુકુળ ચેષ્ટાઓ ધ્વારા એક વ્યક્તિ બીજી વ્યક્તિની સાથે અનુકુળ ભાવમાં રહે તેને દાક્ષિણ્ય કહે છે. અન્ય પાઠમાં દાક્ષિણ્યની સ્થાને 'યાચા' લક્ષણ મળે છે. | 'રત્નાવલી'ના બીજા અંકમાં શિરોવેદનાનું બહાનું બતાવી ચાલી જવા ઉદ્યત દેવી વાસવદત્તાને વત્સરાજ ઉદયન જ્યારે છેડો પકડી રોકે છે ને કહે છે કે 'પ્રિયે તું પ્રસન્ન થઇ જા' વિગેરે, છતાં પણ દેવી ત્યાંથી ચાલે છે ત્યારે અરણ્યરોદન વ્યર્થ છે એમ સમજનારા પોતાના મિત્ર વિદૂષકને રાજા કહે છે '' તેં મહારાણીનો કોધ જોયો નથી એટલે દેવીને પ્રસન્ન કર્યા સિવાય છુટકો નથી. ચાલો અંદર જઇ મહારાણીને પ્રસન્ન કરીએ'' અહીં વિદૂષક ધ્વારા રાજાનું અનુવર્તન કરવું દાક્ષિણ્ય છે. |

**ચાંચા**

જે વચનને હિતકર સમજી પહેલાં કઠોરતી તથા અંતમાં હર્ષ ઉત્પન્ન થાય તથા જે પ્રિયજનને તેના ભલા માટે કહેવામાં આવે તો એવું કથન ચાંચા કહેવાય છે.

ભુમિ: કષ્ટકિની પુરો વિટપિન: પ્રાયો બહુપદ્રવા:
ભૂયસ્યૈવ દિવાકરો મૃગયતે સન્ધ્યાંગના સંગમમ્ ।
તદ્વિશ્રમ્ય જનોઽયમત્ર સદને ગ્રામ્યોચિતાં સેવતાં
પ્રાન્ત: પાન્થ વિચાર્ય ચેતસિ ચિરં સ્થાતાસિ ગન્તાસિવા

- અભિનવગુપ્ત પાદ.

**(૨૬) ગર્હણ**

જ્યારે દોષો બતાવી તેને ગુણ રુપે વર્ણિત કરવામાં આવે અથવા ગુણો બતાવી તેને દોષ સિધ્ધ કરવામાં આવે તો તેને ગર્હણ કહે છે. અન્ય પાઠમાં તેના સ્થાને કપટસંઘાત્ કે કપટ લક્ષણ મળે છે.

પ્રસષ્ટા ન વ્યક્તિર્ભવસિ વચસા સદૈવ મૃદુતા
ન રાગો નેત્રાજ્જે ત્યજતિ ન ચ લજ્જા વ્યપગતા ॥
સ્મૃતિ: પ્રત્યાયાતા પરિહૃષિતમધાપિ ચ મુખં
મદો દોષાસ્ત્યકત્વા ત્વયિ પરિણતસ્તિષ્ઠતિ ગુણૈ: ॥

- ધૂર્તવિટ

**કપટસંઘાત**

જ્યારે કોઇને છેતરવા કે ભ્રમ ઉત્પન્ન કરવા માટે બે કે ત્રણ વાર કપટ-ના પ્રયોગનો આધાર લઇ કથન કરવામાં આવે તો એવી ઉક્તિ કપટસંઘાત કહેવાય. અભિનવગુપ્તના મતે કપટ વસ્તુક્રમથી યા દૈવથી યા શત્રુના પ્રયોગથી ઉદ્ભવે છે.

માલતીમાધવમાં'માં મકરંદ માલતીવેષ ધારણ કરે છે તે વસ્તુક્રમથી ઉદ્ભૂત, 'નાગાનન્દ' નાટકમા જીમુતવાહન શંખચુડને છેતરે છે તે દૈવોદ્ભૂત તથા છલિતરામ નાટકમાં લવણાસુર ધ્વારા પ્રેષિત રાક્ષસો ધ્વારા મંથરા અને કૈકેયીનો વેષ ધારણ કરી ગર્ભવતી સીતાને નિર્વાસિત કરવી શત્રુના પ્રયોગથી ઉદ્ભૂત કપટ કહેવાય.

**(૨૭) અર્થાપત્તિ**

જ્યારે કોઇ મધુર શબ્દાવલી કહેવાથી તેના ધ્વારા અન્ય અર્થની પણ તેની સાથેજ પ્રતીતિ થાય તેને અર્થાપત્તિ કહેવાય. અન્ય પાઠમાં તેના સ્થાને'કાર્ય'' લક્ષણ મળે છે.

આદષ્ટ સ્ફુરિતાધરે ભવતિ યો વકત્રારવિન્દે રસ:
પ્રીતિર્યા ચ હૃતાંશુકે ચ જઘને કાંચીપ્રભોદ્યોતિતે ।
લક્ષ્મીર્યા ન નખક્ષતાંકુધરે પીને કપોલે સ્ત્રિયો
રકતં તેન વિરજ્યતે ન હૃદયં જાત્યન્તરેઽતિ ધ્રુવમ્ ॥

- ધૂર્તવિટ

**કાર્ય**

જ્યારે કોઇ પદાર્થ અથવા વ્યકિતના ગુણને દોષ કે દોષને ગુણમાં પરિણત કરી ઉપપાદિત કરવામાં આવે તો એવું કથન કાર્ય કહેવાય છે.

(૧) તાવત્ સ્વાત્મનિ સંશ્રિતદ્રુમલતાશ્લેષોઽધ્વગૈર્વર્જનમ્
દોર દુર કરી ગુણનું નિયોજન.

(૨) વિશ્વપ્રભો વિતરતાં કમલા કિમન્યત્ બ્રૂયાત સ
કોઽપિ ઘટિતો ભવતોપકારઃ ।
દૂરાધ્વગેષુ પુનરમ્બુ તથા વિકીર્ણમન્નં યથા
ત્રિભુવને પ્રસૃતં યશસ્તે ॥
- અભિનવગુપ્ત પાદ

**(૨૮) પ્રસિધ્ધિ**

જ્યારે અતિશય ઉત્તમ શબ્દોવાળા વાકયો ધ્વારા- જેમાં અનેક લોકપ્રસિધ્ધ તથા અર્થસાધક અર્થોનો સમાવેશ થતો હોય- કથન કરવામાં આવે તો તે પ્રસિધ્ધ કહેવાય છે.
અન્ય પાઠમાં પ્રસિધ્ધિના સ્થાને 'અનુનીતિ' લક્ષણ મળે છે.

યેનેન્દ્રસ્ય ચ પારિજાતકતરુર્માનેન તુલ્યંહૃતો
દિવ્યં વર્ષ સહસ્રમર્ણવજલે સુપ્તશ્ચ યો લીલયા ।
દીપ્ત્યા ભીમગદાં પ્રવિશ્ય સહસા નિર્વ્યાજયુધ્ધપ્રિય
તેનાહં જગતાં પ્રિયેણ હરિણા મૃત્યોઃ પ્રતિગ્રાહિતઃ ॥

ગદાયુધ્ધમાં પરાભૂત દુર્યોધનની ઉકિત.

**અનુનીતિ**

ક્રોધવશ કોઇ એક અપરાધને વિસારી જ્યારે પ્રેમવશ કે સેવા ભાવનાથી પ્રેરાઇ મધુર વચનો ઉચ્ચારવામાં આવે તો એવા કથનને અનુનીતિ કહે છે.

પ્રસીદેતિ બ્રૂયામિદમસતિ કોપે ન ઘટતે
કરિષ્યામ્યેવં નો પુનરિતિ ભવેદભ્યુપગમઃ ।
ન મે દોષોઽસ્તીતિ ત્વમિદમપિ ચ જ્ઞાસ્યસિ મૃષા
કિમેતસ્મિન્વક્તું ક્ષમમિતિ ન વેદ્મિ પ્રિયતમે ॥
-રત્નાવલી અંક ૨ / શ્લોક ૨૦

**(૨૯) પૃચ્છા**

સ્વયંને અથવા અન્યને સંબોધન કરતી વેળા, જ્યારે કલ્પિત વ્યકિત અથવા પરોક્ષ વ્યકિત ધ્વારા સ્વયંને કશુક કહેવામાં કે પુછવામાં આવે તો તેને 'પૃચ્છા' કહે છે.
પૃચ્છાનું લક્ષણ બંને પાઠોમાં સમાન છે.

સ્થાનેઽવસીદસિ રઘુદ્વહ કિં વિધાતઃ
અસ્યાસ્ત્વયેક્ષિત મલક્ષણમંગકેષુ ।
અદ્યાપિ જીવસિ દશાનન હે મનૂમન
કેયં તવાભિમુખવર્તિરિપોઃ પ્રતીક્ષા ॥
- રામચરિત

'કિં ભીમાદ્ ગુરુદક્ષિણાં ગુરુગદાદ્ ભીમપ્રિય : પ્રાપ્તવાન ' - વેણી-સંહાર અંક ૬

(૩૦)
**સારુપ્ય**

જ્યારે કોઇ વસ્તુને જોતાં, સાંભળતા અથવા તેનો અનુભવ કરતી વેળા તેની (સંદિગ્ધ) સમાનતાના કારણે બુધ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થાય તો તેને 'સારુપ્ય' કહેવાય. 'સારુપ્ય' ના સ્થાને અન્ય પાઠમાં 'અભિમાન' લક્ષણ મળે છે.

'વેણીસંહાર'માં દુર્યોધનનો વધ કરી પાછા ફરતા ભીમસેનને, ચાર્વાકના કથનથી ભ્રાન્ત યુધ્ધિષ્ઠિર જ્યારે પકડીને એમ કહે છે 'આશૈશવાદનુદિનમ્' ત્યારે એ કથન સારુપ્યનું ઉદાહરણ બને છે.

**અભિમાન**

જ્યારે કોઇ પુરુષ, અનેક કથન કાર્યો તથા યુકિતઓ ધ્વારા સમજાવવા છતાં સમજે નહિ અથવા સંતુષ્ટ ન થાય તો એવા લક્ષણને અભિમાન કહે છે.

શીતાંશોર મૃતચ્છટા યદિ કરા: કસ્માન્મનો મે ભૃશં
સમ્લુષ્યન્ત્યથ કાલકૂટપટલીસંવાસસન્ધુ ક્ષિતા: ।
કિં પ્રાણાન્ ન હરન્ત્યુત પ્રિયતમા-સંજલામન્ત્રાક્ષરે:
વાર્યન્તે કિમુ યધ્વિમોહવિવશાન્ સન્તાપતન્ત્રા સ્થિતિ:

(૩૧)
**મનોરથ**

જ્યારે હ્રદયમાં વિધમાન ગુપ્ત અભિલાષાઓને, અન્યાપદેશ--બીજાની અવસ્થાઓના વર્ણન ધ્વારા નિદર્શિત કરવામાં આવે તો તેને 'મનોરથ' કહે છે. મનોરથનું લક્ષણ બંને પાઠમાં સમાન છે.

અન્યાસુ તાવદૂપમર્દસહાસુ ભૃંગ લોલં
  વિનોદય મન: સુમનોલતાસુ ।
મુગ્ધામજાતરજસં કાલિકામકાલે બાલાં
  કદર્થયસિ કિં નવમલ્લિકાયા: ॥
    - વિકટ નિતમ્બા પ્રહસન.

(૩૨)
**લેશ**

જ્યારે કોઇ ચતુર જન, કોઇ વાતને વિષયની સમાનતા દર્શાવનારી પદાવલીમાં પ્રયુકત કરી, ખુબીપૂર્વક રજુ કરે તો તેને લેશ કહેવામાં આવે છે. 'લેશ' ના સ્થાને અન્ય પાઠમાં 'પ્રતિષેધ' લક્ષણ પ્રાપ્ત થાય છે.

ધાત્રી : અય્ય, કિં ચિંતીઅદિ ।
અવિમારક : ભવતિ, શાસ્ત્ર ચિન્ત્યતે ।
ધાત્રી : કિં ણામ એદં રમણીઅં સત્ય ચિંત્તીઅદિ ।
અવિ. : ભવતિ, યોગશાસ્ત્ર ચિન્ત્યતે ।
ધાત્રી : (સસ્મિતમ્) પડિગ્ગહિદં મંગલવઅણં ।
  અઓ - સત્યં એવ ભોહુ ।
અવિ. કોન ખલુ વાકયાર્થ: હ્ય અન્યદપ્ય ભિલાષ-
  વશાદન્યથા સંકલ્પયામિ । ઇત્યાદિ ।
    -અવિમારક અંક ૨

| | | |
|---|---|---|
| પ્રતિષેધ | જ્યારે કોઇ વિપરીત કાર્યમાં પ્રવૃત્ત હોય અથવા નિષિધ્ધ કાર્યમાં સંડોવાયેલો હોય ત્યારે કોઇ કાર્યજ્ઞ કે અનુભવી પુરુષ તેને એવા કાર્યથી નિવૃત્ત થવા કહે તો એવો ઉપદેશ પ્રતિષેધ કહેવાય છે. | લગ્ના નાંશુકપલ્લવે ભુજલતા ન દ્વારદેશેઽર્પિતા<br>નો વા પાદયુગે તથા નિપતિતં તિષ્ઠેતિ નોક્તં વચ:<br>કાલે કેવલમમ્બુદાલિમલિને ગન્તું પ્રવૃત્ત: શઠ:<br>તન્વ્યા બાષ્પજલૌઘકલ્પિતનદી પુરેણ રુધ્ધ: પ્રિય:<br>- અમરુક |
| (૩૪) ક્ષોભ | જ્યારે કોઇ દોષ રહિત કે ન ...લી વસ્તુને પણ વિચિત્ર પ્રસ્તુને પણ વિચિત્ર અર્થના અભિધાન દ્વારા દોષયુક્ત સ્વરુપવાળી બનાવવામાં આવે તો તેને ક્ષોભ કહે છે. (પાઠભેદથી સંક્ષેપ કે સંક્ષોભ પણ કહે છે) અન્ય પાઠમાં તેના સ્થાને 'પરિદેવન' લક્ષણ મળે છે. (જેને પાઠભેદથી પરિવાદ, પરિવાદન તથા પરિવેદન પણ કહે છે.) | સાગરિકા સમજી વાસવદત્તાનું ઉપલાલન કરનાર ઉદયનને વાસવદત્તા ઘુંઘટ હઠાવી લજ્જિત કરે છે ત્યારે કહે છે કે -<br>રાજા : (અંજલિબધ્ધા) પ્રિય વાસવદત્તે, પ્રસીદ, પ્રસીદ<br>વાસ : (અશ્રુ નિપાતયન્તી) મા એવ્વં ભણ ।<br>અણ્ણગદાઇ એદાઇ અક્ખરાણિ<br>વિદૂ : ભોદિ, મહાણુભાઆ ક્ખુ તુમં । ...ક્ખમીઅદુ<br>દાવ એક્કો અવરાહો પિ અવઅસ્સસસ્સ<br>વાસ. : ણં પઢમસંગમે વિગ્ઘં કરતીએ મએ જેવ્વ<br>એદસ્સ અવરુધ્ધસ્સ અજ્જઉત્તસ્સ<br>- રત્નાવલી અંક ૩ |
| પરિદેવન | બીજાના નામ પર ઉચ્ચારિત દોષોના પ્રસિધ્ધ વાતો દ્વારા પ્રયુક્ત વચનોને, ગુણોનો આધાર લઇ અન્યત્ર સમ્બધ્ધ કરવામાં આવે કે તેને અન્યથા પ્રતિપાદિત કરવામાં આવે તો મિથ્યાદોષના ઉપપાદનથી પૂર્ણ એવા કથનને પરિદેવન કહે છે. | એનાં પથ્ય પુરસ્તટોમિહ<br>કિલ કોકાકિરાતો હરો<br>ગણ્ડોવેન કિરાટિના<br>સરભસં ચૂડાન્તરે તાડિત:<br>ઇત્યાકર્ણ્ય કથાદભ્રં<br>હિમનિધાવદ્રૌ સુભદ્રાવતે -<br>મંન્દં મન્દમકારિ યેન<br>નિજયોર્દોર્દણ્ડયોર્મણ્ડનમ્ ॥ |

(૩૪)
**ગુણકીર્તન**

જ્યારે સંસારમાં ઉપલબ્ધ થનારા સારા ગુણોની સંખ્યા અને સ્થિતિથી અધિક ગુણ એક વ્યક્તિમાં બતાવવામાં આવે તો તેને ગુણકીર્તન કહે છે. અન્ય પાઠ પ્રમાણે જ્યારે એક વ્યક્તિના અનેક ગુણોને વિવિધ ઉદ્દેશ્યોથી ઉદભૂત અર્થોમાં બતાવતી વેળા દોષો ન દર્શાવવામાં આવે તેવી રચનાને ગુણકીર્તન કહે છે.

(૧)
'વત્સરાજ ચરિત' માં ચોથા અંકમાં શાલંકાયનની 'નીલનાગવ્યયદેશીન'થી શરુ થતી ઉક્તિ.

(૨)
પૃથુરસિ ગુણૈ: મૂર્ત્યા રામો નલો ભરતો ભવાન્
મહતિ સમરે શત્રુઘ્નસ્ત્વં તથા જનક: સ્થિતો ।
ઇતિ સુચરિતૈર્મૂર્તિ બિભ્રચ્ચિરન્તનભૂભૃતાં
કથમસિ ન માન્ધાતા દેવસ્ત્રિલોકવિજય્યપિ

(૩૫)
**અનુક્તસિધ્ધિ:** જ્યાં અભિહિત કર્યા વિના પ્રસ્તાવ માત્રથી કોઇ વિષયના શેષભાગની પ્રતીતિ થઇ જાય તેને અનુક્તસિધ્ધિ કહે છે. અનુક્તસિધ્ધિના સ્થાને, અન્ય પાઠમાં અભિનવગુપ્તે પરિદેવન તથા ક્ષમાને સંકેતિત કર્યા છે.

કૌશામ્બી' પરિભૂયન: કૃપણકૈર્વિદ્વેષિભિ:સ્વીકૃતા
જાનાસ્યેવ તથા પ્રમાદપરતાં પત્યુર્નયદ્વેષિણ: ।
સ્ત્રાણાય પ્રિય-વિયોગવિધુરં ચેત: સદૈવાત્ર મે
વક્તું નોત્સહતે પરમતો જાનાતુ દેવો સ્વયમ્ ॥
– તાપસવત્સરાજ

(૩૬)
**પ્રિયોક્તિ**

જ્યારે પ્રસન્ન ચિત્તે પુજ્યજનના સન્માન અને પોતાના હર્ષને પ્રગટ કરવા માટે ઉપયુક્ત શબ્દો ઉચ્ચારિત કરવામાં આવે તો તેને પ્રિયોક્તિ સમજવી જોઇએ. અન્ય પાઠમાં તેના સ્થાને 'પ્રોત્સાહન'લક્ષણ પ્રાપ્ત થાય છે.

યા શેતે કૌસ્તુભસ્ય દ્યુતિકિસલયિતે શારદવ્યોમનીલે
વિષ્ણોર્વક્ષસ્યુદારે રજનિકરકરાકારહારોપહારે ।
સાબ્ધેત્યાલિંગતુ ત્વાં પ્રશિથિલગલિતેનોત્તરીયેણ
લક્ષ્મીહર્ષાદાપોકયન્તી નવકમલરજો રેણનાભ્યા સ્તનાભ્યામ્
– તાપસવત્સરાજ અંક સાત

| | | |
|---|---|---|
| પ્રોત્સાહન | જ્યાં ઔપમ્યનો આશ્રય કે અન્વેષણ કરતાં ઉત્સાહવર્ધક તેમજ સુસ્પષ્ટ અર્થ દ્વારા પ્રસિદ્ધ વ્યક્તિનું વર્ણન કરવામાં આવે તો એવા લક્ષણને પ્રોત્સાહન કહે છે. | હરવૃષભ તવૈવ તસ્ય માતા જયતિ<br>જગત્ય સમાન સુતિરેકા ।<br>નિવસતિ પરમેશ્વરોઽપિ યસ્મિન્<br>સહતનય: સગણ: સહાવરોધ:<br>- ભટ્ટેન્દુરાજ |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભરતમુનિ દ્વારા નિરુપિત લક્ષણોની નામાવલીથી સ્પષ્ટ થાય છે કે કાવ્યશાસ્ત્રના પ્રભાતકાળમાં, લક્ષણ એ વ્યાપક કાવ્યાંગ હતું. ઉપજાતિ છન્દમાં પરિગણિત લક્ષણ નાટ્યના સંધ્યાંગોને પૂર્ણપણે અનુરુપ છે. (પ્રોત્સાહન, આખ્યાન, ક્ષમા, પ્રશ્ચાતાપ, અનુનય વિગેરે) તો અન્ય અનેક લક્ષણ અલંકારાનુવર્તી છે. (સંશય, દૃષ્ટાંત, નિદર્શન, લેશ, અર્થાપત્તિ વિ.) અને થોડાક પરિવર્તન સાથે અલંકારરુપે વિકસિત થયા છે. ગુણાનુવાદથી પ્રશંસો-પ્રશંસોપમાં, અતિશયથી અતિશયોક્તિ, મનોરથથી અપ્રસ્તુત પ્રશંસા મિથ્યાધ્યવસાયથી અપહ્નુતિ, સિધ્ધિથી તુલ્યયોગિતા, તુલ્યતર્કથી રુપક અને ઉપમા વિગેરે અલંકારોનું ભાવ સામ્ય છે. ભટ્ટ તૌતે, લક્ષણઅલંકારોના ઉદ્ભવ-વિકાસ સંબંધી પોતાનો મત પ્રગટ કરતાં જણાવ્યું છે કે લક્ષણોના પ્રભાવથીજ અલંકારોમાં વૈચિત્ર્યનો આવિર્ભાવ થાય છે. અભિનવગુપ્તે પણ પ્રતિપાદિત કર્યું છે કે કેટલાક લક્ષણ ઉક્તિવૈચિત્ર્યરુપ અને અલંકારોના અનુગ્રાહક હોય છે. આ પરથી સાબિત થાય છે કે લક્ષણોનું દ્વિવિધ વ્યાપક વ્યક્તિત્વ હતું - એક તરફ તે નાટ્યના સંધ્યંગરુપ હતા તો બીજી બાજુ અલંકારાનુવર્તી.

<u>કાવ્ય-લક્ષણોનું નાટ્ય ભાવોમાં-રસોમાં રુપાંતર</u>

કાવ્યના પરંપરાગત લક્ષણોને, દૃશ્ય-શ્રાવ્ય-મિશ્ર-નાટયકળાનું અભિન્ન અંગ કેવી રીતે બનાવી શકાય તે સમસ્યાનો ઉકેલ ભરતમુનિએ રસ અને ભાવોની સ્થિતિના આધારે શોધવાનો પ્રયત્ન કર્યો છે. કાવ્યરચનાના સાધનાત્મક પરંપરિત લક્ષણોમાં મૂર્ત-અમૂર્ત, બૌધ્ધિક-માનસિક સર્વ પ્રકારના સ્થળ-સુક્ષ્મ અર્થ સંચિત હતા. આ સર્વને 'નાટ્ય'ની દૃશ્ય-શ્રાવ્ય પ્રક્રિયામાં ઢાળવા

જો કે અસંભવિત નથી છતાં પણ ભરતમુનિનો સ્પષ્ટ અભિપ્રાય છે - 'એભિરર્થં ક્રિયાપેક્ષૈ: કાવ્યં કાર્યં તુલક્ષણૈ:' (અધ્યાય ૧૭ શ્લોક ૮૭) અર્થાત કવિએ નાટ્યોપયોગી કાવ્યરચનામાં અર્થોની નાટ્ય-ક્રિયાપેક્ષિતા ઉપર ધ્યાન આપવું જોઇએ. લક્ષણોમાં નિહિત અર્થ ક્રિયાસાપેક્ષ તથા ક્રિયાનિરપેક્ષ બંને પ્રકારના હોઇ શકે. પરંતુ ભરતમુનિની દૃષ્ટિએ પ્રથમ પ્રકારના અર્થ રંગમંચીય ભાવ-પ્રક્રિયામાં વધારે સરળતાથી રુપાંતરિત થઇ શકે છે જ્યારે બીજા પ્રકારના અર્થોને 'દૃશ્ય-શ્રાવ્ય'નું સહજ અંગ બનાવવામાં મુશ્કેલી ઉભી થાય છે. નાટ્ય-કાવ્યાની રચના સામાન્યત: લક્ષણોથી સંભવિત છે પણ તેના અર્થમાં ક્રિયા-વ્યાપારત્વ અપેક્ષિત છે. ત્યારેજ તે અભિનયના માધ્યમથી નાટ્ય-ભાવોમાં પરિણત થઇ જાય છે અને આ પ્રકારના વિભિન્ન નાટ્ય-ભાવોના સંયોગથી આઠ નાટ્ય-રસ નિષ્પન્ન થાય છે. ભરતમુનિએ પરંપરાગત ૩૬ કાવ્યલક્ષણોનું સંક્ષેપમાં સ્વરુપ નિરુપિત કર્યું, તેનો નાટ્ય-ભાવોસાથે પ્રત્યક્ષ સંબંધ સ્થાપિત કર્યો અને નાટ્ય-રસની દૃષ્ટિએ સંગતિ આ પ્રમાણે ગોઠવી દીધી -

'' ષટ્ત્રિંશદેતાનિ હિ લક્ષણાનિ પ્રોક્તાનિ વૈ ભૂષણ સંમિત નૈ. ।
કાવ્યેષુ ભાવાર્થગતાનિ તજ્જ્ઞૈ: સમ્યક્ પ્રયોજ્યાનિ યથા રસંતુ ॥ ''
(અધ્યાય ૧૭ શ્લોક ૪૨)

કહેવાનો આશય એ કે 'મારા પૂર્વવર્તી વિચારકોએ પરંપરાગત ૩૬ લક્ષણોને કાવ્યમાં આભૂષણની જેમ આકર્ષક સમજી નિરુપિત કર્યા છે. પરંતું નાટ્ય-તત્વજ્ઞો માટે એ જરુરી છે કે તેઓ આ લક્ષણોની કાવ્યોમાં 'ભાવાર્થગત' સ્થિતિને બરાબર સમજે અને રસાનુરુપ તેનો મંચ ઉપર પ્રયોગ કરે.'' નાટ્યભાવોનું તાત્પર્ય વિશિષ્ટ ક્રિયાવ્યાપાર છે જેમાં 'વાગંગ સત્વોપેત' કાવ્યાર્થ રંગમંચ ઉપર મૂર્તિત થાય છે.

'નાટ્યશાસ્ત્ર'નો ઉદેશ્ય સ્પષ્ટપણે અભિનેય કાવ્યોની નિર્માણ પધ્ધતિનું નિરુપણ કરવાનોજ હોઇ શકે, અને અભિનેય કાવ્યોની મીમાંસા નિશંકપણે તેના માટે અપ્રસ્તુત-ચર્ચા બની રહે. એટલે ઉપર્યુકત શ્લોકગત મંતવ્ય નાટ્ય-કાવ્યોના સંદર્ભમાં જ અભિવ્યકત થયું છે. વસ્તુત: કાવ્ય-લક્ષણોનં ભાવ-રસાનુરુપ રંગમંચીય પ્રયોગ સરળતાથી કરી શકાય તે માટે, ભરતમુનિએ અનેક પરંપરાગત પારિભાષિક 'લક્ષણો'ને વિભાવાનુભાવની સૂચીમાં પરિગણિત કર્યા છે. દાતત. કરુણ-રસ તથા

તથા શોક સ્થાયી ભાવની નિષ્પત્તિમાં 'શાપ', 'પરિદેવન', વિલપિત, પરિદેવિત, આક્રન્દિત વિગેરે વિભાવાનુભાવોને સ્પષ્ટપણે નિરુપિત કર્યાં છે. આ તો એક સંકેત માત્ર છે. આના દ્વારા અન્ય કાવ્યલક્ષણોમાં રહેલાં ક્રિયાસાપેક્ષ અર્થોને પણ ભાવ-રસ અનુરુપ પ્રયોજવાનો નિર્દેશ સાંપડે છે. આ ઉપરાંત 'વ્યભિચારી ભાવ' થી સંબંધિત કેટલાક 'કાવ્ય-લક્ષણો'નું ઉદાહરણ પણ આપી શકાય જેમ કે 'વિતર્ક' માટે અપેક્ષિત વિભાવાનુભાવોની સૂચીમાં ઉલ્લિખિત સંદેહ, વિમર્શ, વિપ્રતિપત્તિ (વિભાવ) વિવિધ વિચારિત, પ્રશ્ન, સંપ્રધારણ સંગુહન (અનુભાવ)નો સંબંધ પરંપરિત અનેક કાવ્ય-લક્ષણો સાથે જોડી શકાય. લક્ષણગત સંશય, વિચાર, પૃચ્છા નિશંકપણે વિતર્ક નામના વ્યભિચારી ભાવના અભિન્ન અંગ બનવા સમર્થ છે. તેજ પ્રમાણે 'હર્ષ' વ્યભિચારી ભાવના મનોરથ લાભ, પરિતોષ, પ્રિયભાષણ વિગેરે, વિભાવાનુભાવ નિરુપિત કરવામાં આવ્યા છે જેને પરંપરિત કાવ્યલક્ષણો-મનોરથ અને પ્રિયોક્તિ સાથે જોડી શકાય. દૈન્ય, વ્રીડા તથા ચિન્તા - આ ત્રણે વ્યભિચારી ભાવોના વિભાવાનુભાવોમાં 'પશ્ચાતાપ' તથા 'સંતાપ'નો સ્પષ્ટ ઉલ્લેખ ભરતમુનિએ કર્યો છે. ૩૬ કાવ્યલક્ષણોમાં નિરુપિત પશ્ચાતાપનું સ્વરુપ ઉપર્યુક્ત વ્યભિચારી ભાવની નિષ્પત્તિમાં સ્પષ્ટપણે સહાયક બને છે. આમ ભરતમુનિએ પરંપરાગત અનેક કાવ્યલક્ષણોની સ્વરુપગત વ્યાખ્યા કરવા ઉપરાંત તેના અર્થની 'ક્રિયા-અપેક્ષિતા' ઉપર વધારે ભાર મૂકયો છે. સંક્ષેપમાં કાવ્યલક્ષણ મૂલત: કાવ્યાર્થનું પ્રતિનિધિત્વ કરે છે, અભિનીત થઇ નાટ્યમાંજ, તે સર્વ પ્રથમ નાટ્યભાવોમાં રુપાંતરિત થાય છે અને રંગપર્યાય રસનિષ્પત્તિનું અભિન્ન અંગ બની જાય છે.